હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

વટ સાવિત્રી

આ પહેલા બહુ વટવાળો હતો... મેં વટ સાવિત્રીનાં વ્રત કરી કરીને આની હારે લગન કરી લીધા... હવે એનો બધો વટ ઊતરી ગયો....

રાસેયો દ્વારા પંચ પ્રકલ્પ યોગ મહોત્સવ અંતર્ગત યોગની વિવિધ પુસ્તક અને પોસ્ટરનું નિદર્શન યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા રાજયપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અને યોગ અમૃત મહોત્સવ અંતર્ગત યોગની પુસ્તકો અને યોગાસનનાં પોસ્ટરોનું નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે અને યોગ મહોત્સવ કાર્યક્રમ અંતરગત આગામી દિવસોમાં સાદરા ગામની આજુ બાજુનાં ગામ જેવાકે રાજપુર, માધવગઢ, જાખોરા, મોતીપુરા અને સોરાબપુરાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વર્લ્ડ યોગ ડે પ્રોટોકોલની તાલીમ આપવામાં આવશે અને વિશ્વ યોગ દિવસનું સંચાલનમાં પણ પ્રાથમિક શાળાઓની મદદ કરવામાં આવશે આ સંપૂર્ણ કાર્યક્રમમાં મુખ્ય ભૂમિકા સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી. ગામડામાં યોગ વિશેની માહિતી રાસેયોનાં સ્વયંસેવક રણવીરસિંહ રહેવર, મોતીભાઈ ભરવાડ, રચિત ચૌધરી, રુચિત રાઠોડ અને રાકેશ ચૌહાણ દ્વારા અપાઈ રહી છે.

નાગાબાવાનો વેશ ધારણ કરી નાગરીકોને છેતરતા બે ઝડપાયા

એલીસીબી પોલીસે પીયજ પાસેથી પકડી પાડી સોનાની ચેઈન, વીંટી તેમજ રોકડ મળી કુલ રૂ.૧,૩૬,૬૧૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૩

નાગાબાવાનું રૂપ ધારણ કરી નાગરીકો સાથે છેતરપિંડી આચરનાર બે શખ્સોને પીયજ રોડ પરથી એલસીબી-૧ પોલીસે પકડી પાડ્યા છે. એલસીબીએ શખ્સો પાસેથી સોનાની ચેઈન નંગ-૧, વીંટી નંગ-૧ કિં.રૂ.૧,૦૯,૫૦૦ તેમજ રોકડા રૂ.૨૭,૧૧૦ મળી કુલ રૂ.૧,૩૬,૬૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી છેતરપિંડીના બે ગુનાનો ભેદ ઉકેલી દેવાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પોલીસ મથકના પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ નવલસિંહ અને કોન્સ્ટેબલ સુરપાલ સિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે બે શખ્સો પીયજ રોડ ઉપર ચાલતા જાય છે,તેઓ નાગરીકોને વાતોમાં લઈ વિશ્વાસ કેળવી નજર ચુકવી પૈસા તેમજ દાગીના કઢાવી લેવાની ટેવવાળા છે.જે શંકાસ્પદ હાલતમાં છે. જેને પગલે એલસીબીની ટીમના સભ્યોએ બાતમીવાળી જગ્યા પરથી બે શખ્સોને સાહેબનાથ સમજુનાથ મદારી (રહે, ગણેશપુરા, મદારીનગર,



દહેગામ ગાંધીનગર), દિપકનાથ નટવરનાથ મદારી (રહે.મદારીવાસ ભેરૂજીના મંદિરની બાજુમાં, ગણેશપુરા દહેગામ ગાંધીનગર) ને પકડી પાડ્યા હતા. ઉપરોકત શખ્સોની અંગ જડતી લેતા સોનાની ચેઈન નંગ-૧ તેમજ સોનાની વીંટી નંગ-૧ કુલ કિં.રૂ.૧,૦૯,૫૦૦ તેમજ રોકડ રૂ.૨૭,૧૧૦ મળી આવ્યા હતા. જે અંગે પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી શંકાસ્પદ લાગતા પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેઓ પોતાના અન્ય સાગરીતો સાથે મળી ગાડીમાં વિવિધ વિસ્તારમાં ફરે છે. તેઓ પૈકી એક વ્યકિત નાગા બાવાનું રૂપ ધારણ કરી ગાડીમાં બેસે અને અન્ય શખ્સો બાવાનું રૂપ ધારણ કરે. ત્યારબાદ એકલ-દોકલ જતા શખ્સને રોકી તે વિસ્તારમાં આવતા આશ્રમના સરનામા અંગે પુછપરછ કરી વાતોમાં લઈ વિશ્વાસ કેળવી તેની નજર ચુકવી તેણે પહેરેલા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ પડાવી લેતા હોવાની કબુલાત કરી હતી.જયારે આજથી ત્રણ માસ પહેલા તેઓ પોતાના અન્ય સાગરીત દેવાનાથ અજાનાથ બામણીયા (રહે.ગણેશપુરા દહેગામ) ની સાથે ગાડીમાં નીકળ્યા હતા. નાગાબાવાનું રૂપ ધારણ કરી મહેસાણા બાજુ ગયા હતા. ત્યાંથી પરત ફરી રહ્યા હતા તે સમયે નારદીપુર ગામમાં એક ભાઈ ચાલીને જઈ રહ્યા હતા. તેઓને વિશ્વાસમાં લઈ તેને પહેરેલી સોનાની વીંટી તેમજ સોનાની ચેઈન લઈ લીધી હતી. ત્યારબાદ ત્યાંથી નીકળી ગયા હતા. જે ઉપરોકત સોનાની ચેઈન તેમજ વીંટી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ઉપરોકત દિપકનાથ નટવરનાથ મદારીએ જણાવ્યું કે આ ઉપરાંત આજથી આશરે એક માસ પહેલા પોતે તેમજ અન્ય સાગરીત રાહુલનાથ કંચનનાથ મદારી (રહે.ગણેશપુરા દહેગામ) સાથે મળી બંન્ને જણા રાહુલનાથ મદારીની ગાડી નં.જી.જે.૨૭.સી.એમ.૨૪૦૪ ની લઈને ચરાડા ગામે એક ભાઈના ઘરે ગયા હતા. જેમાં રાહુલનાથ ડ્રાઈવર તરીકે હતો અને દિપકનાથે નાગા બાવાનો વેશ ધારણ કર્યો હતો. તે ભાઈના ઘરે જઈને ચા નાસ્તો કરવો છે. તેમ કહી ચા નાસ્તો કર્યા બાદ તેને વિશ્વાસમાં લઈ તેની પાસેથી ઘીના ભંડારા પેટે રૂ.૧૧ હજાર લીધા હતા. ત્યારબાદ ત્યાંથી નીકળી બીજા એક ભાઈના ઘરે જઈને ચા નાસ્તો કરવાનું જણાવી તેને વિશ્વાસમાં લઈ તેની પાસેથી ઘી ના જબ્બાના પૈસા પેટે પ્રથમ રૂ.૧૫ હજાર અને ફરીથી પણ બીજા રૂ.૮૫ હજાર લઈ લીધા હતા. તે પૈસા લઈ તેઓ નીકળી ગયા હતા. જે તમામ પૈસા તેઓએ સરખે ભાગે વહેચી લીધા હોવાનું જણાવ્યું હતું. દિપકનાથ ભાગે જે પૈસા આવ્યા હતા તે ઉપરોકત મળી આવેલી રોકડ હોવાનું જણાવ્યું હતું. ત્યારે આ શખ્સો પાસેથી મળી આવેલી સોનાની ચેઈન તેમજ સોનાની વીંટી અને રોકડ રૂ,૨૭,૧૧૦ મળી કુલ રૂ.૧,૩૬,૬૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં મેઘરાજાની પધરામણી પછી વાતા વરણમાં ઠંડક જોવા મળી રહી છે.
- વરસાદ આવતાં જ ગરમીનો પારો ગગડ્યો છે આજે લોકોએ ગરમીથી છુટકારો મેળવ્યો છે.
- આજે વિશ્વ રક્તદાતા દિવસ હોઈ વિવિધ સ્થાનોએ રક્તદાતાઓના સન્માનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.
- જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી આજે લાંબી રજા પરથી પરત ફર્યા છે અને તેમણે તેમનો ચાર્જ સંભાળી લીધો છે.
- જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘ પણ રજા પરથી પરત ફર્યા છે.
- આજથી જિલ્લાભરમાં શાળાઓમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થયો છે.
- વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે આજે જિલ્લા કલેક્ટરે વીડિયો કોન્ફરન્સ યોજી આયોજન અંગે બેઠક કરી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે સોમવારનો દિવસ હોવા છતાં સ્વર્ણિમ સંકુલ સહિત વિવિધ સરકારી કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા ઓછી હતી.
- ગાંધીનગર જિલ્લામાં આજે પણ હળવાથી મધ્યમ વરસાદ છુટા છવાયા સ્થાનો પર થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.
- ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં વરસાદના આગમનની સાથે વિકાસ કામો પર બ્રેક વાગશે.

સે.૧૧ના પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલનો જથ્થો ખલાસ

ગાંધીનગર, તા.૧૩

અખાતી દેશોમાંથી ઈંધણનો પુરવઠો બંધ કરાયો હોવાની અફવા વચ્ચે દેશભરમાં પેટ્રોલ ડીઝલનો જથ્થો પૂરતો ન હોવાની માહિતી આપવા સાથે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીએ અફવાનું ખંડન કર્યુ હતું પરંતુ બીજી તરફ ગાંધીનગરમાં સેક્ટર-૧૧ ખાતેના એચપીના પેટ્રોલપંપે પેટ્રોલ-ડીઝલનો જથ્થો ખલાસ થઈ જવા પામ્યો હતો. અત્રે સાદા પેટ્રોલનો જથ્થો રવિવારે જ પુરો થઈ ગયો હતો જેથી વહનચાલકોને ફરજિયાત પાવર પેટ્રોલ પુરાવવું પડ્યું હતું જે પણ હવે ખલાસ થઈ જવા પામ્યું છે. પેટ્રોલ પંપ સંચાલકોના જણાવ્યા અનુસાર તેમણે પેટ્રોલ ડિઝલના ઑર્ડર ક્યારનો આપી દીધો હોવા છતાં હજુ સુધી ડિસ્ટ્રીબ્યુટર તરફથી માલ સપ્લાય થયો નથી જેના કારણે અમારા પેટ્રોલ પંપ પર હાલ પુરતું પેટ્રોલ-ડીઝલનું વેચાણ બંધ થઈ જવા પામ્યું છે જે જથ્થો આવતાં જ પુનઃ શરૂ થઈ જશે.

ઝુંડાલ પાસે કારમાંથી ૬૨૭ બોટલ દારૂ અડાલજ પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં દારૂની હેરાફેરી કરવા માટે ગાડીઓની ખોટી નંબર પ્લેટો બનાવી તેને ગાડી પર લગાવીને સાચી નંબર પ્લેટ તરીકે ખેપીયાઓ ઉપયોગ કરતા હતા. ત્યારે ત્રણ શખ્સોને આઈ-૨૦ કારમાં વિદેશી દારૂ તેમજ બિયરની ૬૨૭ બોટલ સાથે ઝુંડાલ એફસીઆઈ ગોડાઉન પાસેથી અડાલજ પોલીસે દબોચી લીધા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીએસઆઈ એન.એસ.ઝાંબરે તેમજ ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા.તે સમયે ખાનગી રાહે બાતમી મળી હતી કે અડાલજ ગામની સીમમાં અડાલજ-ઝુંડાલ રોડ પર એફસીઆઈ ગોડાઉન આગળ સફેદ કલરની હ્યુન્ડાઈ આઈ-૨૦ કાર ગાડી નં. જી.જે.૦૧.આર.ડબલ્યું.-૫૦૮૮ માં ગેરકાયદેસર દારૂ બિયરનો જથ્થો છે. જેથી પોલીસે સ્થળ પર જઈ ગાડીમાં તપાસ કરતા દારૂ-બિયરના ટીન કુલ નંગ-૬૨૭ મળી કુલ રૂ.૧,૧૩,૫૬૧ તેમજ ગાડી કિં.૪ લાખ, ૨ મોબાઈલ કિં.૫૫૦૦, તેમજ આઈ-૧૦ ની આરસી બુક, તેમજ નંબર પ્લેટ નંગ-૨, કુલ રૂ.૫,૧૯,૦૬૧ નો મુદ્દામાલ સાથે આરોપીઓ નરેન્દ્ર ખેમાજી ડામોર (રહે. ૨૯૮ ડામોર ફલા, પાલદેવલ ગામ તા.જી.ડુંગરપુર રાજસ્થાન), લક્ષ્મણ દેવાજી વરહાત (ઉં.૪૩, રહે બોખલાપાલ ડુંગરપુર રાજસ્થાન), પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે પોલીસે કબ્જે કરેલી હ્યુન્ડાઈ આઈ-૨૦ કાર નં. જી.જે.,૦૧.આર.ડબલ્યું.૫૦૮૮ ગાડીના નંબરના આધારે તપાસ કરતા આ ગાડી નિકેત ગૌરાંગભાઈ મહેતા (રહે.એ.કદમ્બ ફલેટ સરકારી ટયુબવેલની બાજુમાં સ્વામીનારાયણ મંદિરની સામે બોપલ ગામ) નામે જણાઈ હતી. જયારે કબ્જે કરેલી જી.જે.૦૧.આર.ડબલ્યું-૫૦૮૮ ગાડીના ચેસીસ નંબર અને એન્જીન નંબરના આધારે તપાસ કરતા આ ગાડીનો સાચો નંબર જી.જે.૦૧.આર.કે.૯૦૪૩ જણાઈ આવ્યો હતો. જયારે ગાડીના માલિક સાબરમતિ લક્ષ્મીજીની ચાલી ધર્મનગર ખાત રહેતા નિલેશ મોહનલાલ કલાલ હોવાનું જણાયું હતું.જયારે ગાડીમાંથી જી. જે. ૧૫. સી.ડી. ૨૮૩૮ નંબરની નંબર પ્લેટ મળી આવી હતી. જે નંબર પ્લેટના આધારે વાહન માલિક અંગે તપાસ કરતા ઘનશ્યામભાઈ વલ્લભાઈ રામાણી (રહે. નવાગામ તા.બાબરા, જી અમરેલી) જણાઈ આવ્યું હતું. જયારે બીજી નંબર પ્લેટ જી.જે.૦૧.આર.કે.૯૦૪૩ ઓનલાઈન તપાસ કરતા આઈ-૨૦ કારનો નંબર છે. જેથી આ નંબર ઉપરોકત ગાડીનો જણાઈ આવ્યો હતો. જયારે ગુજરાત-રાજસ્થાન વચ્ચે દારૂની હેરાફેરી કરવા માટે દારૂની ખેપ મારતા ખેપીયાઓ વાહનની ખોટી નંબર પ્લેટ બનાવી તેને ગાડી ઉપર લગાવી સાચી નંબર પ્લેટ તરીકે ઉપયોગ કરી દારૂની હેરાફેરી કરતા હોવાનું સામે આવ્યું છે. જેથી ત્રણેય આરોપીઓ સામે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરના રૂપાલ ગામે એકટીવા સળગાવનાર વડીલ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર રૂપાલ ગામે મોડીરાતે ઘર પાસે પાર્ક કરેલુ એકટીવા સળગાવી દેવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ત્યારે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરતા ગણતરીના દિવસોમાં એકટીવા સળગાવનાર રાંધેજા ચંદુલાલ પાર્ક સોસાયટી મકાન નં.૧૩-૧ ખાતે રહેતા ૬૨ વર્ષિય મહેશકુમાર પોપટલાલ ત્રિવેદીને પોલીસે પકડી પાડ્યા છે. ત્યારે આ એકટીવા પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. આરોપીએ ફરીયાદીને આપેલા રૂપીયા પરત ન આપતા આરોપીને ગુસ્સો આવતા રાત્રીના સમયે ઘર પાસે જઈને એકટીવાને આંગ ચાપી હોવાની કબુલાત કરી હતી.

સુજલામ સુફલામ જળ અભિયાનમાં જિલ્લામાં ૧૬ કિલોમીટર કાંસોની સફાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૨ અંતર્ગત ૧૧૬ કામો કરવામાં આવ્યા છે. આ કામો થકી જિલ્લામાં જળસંગ્રહશક્તિમાં ૮૪.૪૦ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે. તેમજ જિલ્લામાં ૧૬ કિલોમીટરથી વધારે કાંસોની સફાઇ પણ કરવામાં આવી છે.

સમગ્ર રાજયમાં વર્ષ-૨૦૧૮માં જળ સંગ્રહશક્તિ વધારવા, પાણીનો બગાડ અટકાવવા તથા લોકમાનસમાં જાગૃતિ લાવવાના ઉમદા આશયથી સુજલામ સુફલામ જળ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૨નો આરંભ રાજયભરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામ ખાતેના તળાવથી કરવામાં આવ્યો હતો. સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં તા.૧૯મી માર્ચથી આરંભ થયેલા અભિયાન થકી જળ સંગ્રહ કરવાના અનેક કામો કરવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં લોકભાગીદારીથી ૫૨ કામો, મનરેગા હેઠળ ૨૩ કામો તથા વિભાગીય રીતે ૪૧ કામો મળી કુલ-૧૧૬ કામોનો આરંભ કરવામાં આવ્યો હતો. જેમાં દહેગામ તાલુકામાં ૩૬, ગાંધીનગર તાલુકામાં ૨૭, કલોલ તાલુકામાં ૨૬ અને માણસા તાલુકામાં ૨૭ જેટલા કામો કરવામાં આવ્યા છે. આ કામો થકી જળ સંગ્રહશક્તિમાં ૮૪.૪૦ લાખ ઘનફૂટ જેટલો વધારો થયો છે. આ અભિયાન થકી ગાંધીનગર જિલ્લાની ૧૬ કિલોમીટરથી વધારે કાંસોની સાફ-સફાઇ કરવામાં આવી છે. તેમજ ૬૬૦૦થી વધારે માનવદિનની રોજગારી પુરી પાડવામાં આવી છે. આ અભિયાનમાં ગટર સાફ-સફાઇ, નદી સાફ સફાઇ અને એર વાલ્વ સાફ સફાઇના કામો કરવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત થયેલ કામગીરી થકી પાણીના સંગ્રહમાં વધારો થવાથી કુવાઓમાં તળ ઉંચા આવશે. સિંચાઇ વ્યવસ્થા સુદ્રઢ થશે.

તળાવો, ચેકડેમો વગેરેમાં પાણીનો સંગ્રહ થવાથી સ્થાનિક કક્ષાએ ઘરગથ્થુ વપરાશ, ઢોર-ઢાંખરને પીવાના પાણીની સમસ્યાઓ હળવી થશે. ખેડૂતોને લાભ થશે. ભુગર્ભ જળના તળ ઉંચા આવવાથી સિંચાઇ અર્થે થતાં વિજ વપરાશમાં ઘટાડો થશે. આ અભિયાન અંતર્ગત થયેલ ખોદાણના કામો થકી નીકળેલ માટી અને કાંપનો ખેડૂતોના ખેતરમાં તથા જાહેર વિકાસના કામોમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરાંત આ માટે સરકાર દ્વારા રોયલ્ટીમાં માફી પણ આપવામાં આવેલ છે.

ગાંધીનગરના ચંદ્રાલા-છાલા-કાનપુર વિસ્તારમાં મેઘરાજાની ધમાકેદાર મેઘસવારીની બેટિંગ

ખેતરો પોણા કલાકમાં વરસાદી પાણીથી બેટમાં ફેરવાયા : અમુક સ્થળે વીજપુરવઠો ખોરવાયો, ઝાડ પડવાની અનેક ઘટનાઓ, મકાનોના છાપરા ઉડ્યા-ખેડૂતોમાં આશ્ચર્યનું મોજું

ચિલોડા, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા-છાલા અને કાપુર વિસ્તારમાં સાંજના સમયે વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. અસહ્ય ગરમીના દિવસોમાં ખેડૂતો વરસાદની ચાતક પક્ષીની જેમ રાહ જોતાં ખેડૂતઆલમ અચાનક વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતાં ખેડૂતોમાં કુતુહલ પેદા થયુ. ગઈકાલે મોડી રાત્રે પડેલા વરસાદ બાદ દિવસ દરમિયાન લોકો આકરા તાપથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ત્યારે સાંજના સમયે આકાશમાં વાદળોથી ઘેરાયા બાદ ધોધમાર વરસાદ વરસી પડતાં સર્વત્ર ખેતરો પાણી-પાણીથી બેટમાં ફેરવાયા હતા. રાજ્યમાં ચોમાસાનું આગમન થઈ રહ્યું છે. અનેક જિલ્લામાં છૂટોછવાયો વરસાદના એંધાણો વર્તાઈ રહ્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે રાત્રે વરસાદની એન્ટ્રી બાદ કાનપુર, છાલા-ચંદ્રાલા વિસ્તારમાં ધમાકેદાર મન મુકી મેઘસવારી આવી પહોંચી હતી. અસહ્ય બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ત્યારે અચાનક વરસાદનું આગમન થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરતાં રાહતની

લાગણી પેદા થઈ હતી. સમયસર વરસાદનું આગમન થતાં કપાસ, ઈકડ, મગફળીનું વાવેતરમાં પ્રથમ વાવણીલાયક વરસાદથી ખેડૂતો હર્ષઘેલા બન્યા છે. ચિલોડા પંથકમાં હવે મેઘરાજાની પધરામણી થાય તેવી મહત્વાકાંક્ષા પ્રબળ બની છે.

પ્રથમ ધોધમાર વરસાદ વરસી પડતા સર્વત્ર પાણી ફરી વળ્યા હતાં. અમુક સ્થળે પવનની ઝપટે વૃક્ષો ધરાશયી અને મકાનના છાપરાં ઉડ્યા હતા. વરસાદના આગમનથી ખેડૂતોએ મોબાઈલમાં વરસાદી દૃશ્યો કેદ કરી વરસાદની પધરામણી અંગે વાયરલ થતાં ખેડૂતોમાં ભારે કુતુહુલ પેદા થયું હતું.

સિવિલ કેમ્પસમાં કચરો સળગાવતા કેબલ સળગ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોટર્મની સામે ખુલ્લી જગ્યામાં કેટલાક તત્વો દ્વારા કચરો સળગાવવાની પ્રવૃતિ ચાલી રહી છે. જો કે જાહેરમાં કચરો સળગાવવો ગુનો છે. ત્યારે આ કચરા સાથે લીલી વનરાજીને પણ નુકશાન પહોંચતા પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ જોવા મળે છે. ત્યારે સિવિલ કેમ્પસમાં સળગાવેલા કચરા સાથે સમગ્ર સિવિલ કેમ્પસને પાણી પુરા પાડતા બોરનો મેઈન કેબલ બળીને ખાક થઈ ગયો હતો. કેમ્પસમાં આવેલા ૬ બોર દ્વારા સિવિલ હોસ્પિટલ તેમજ મેડીકલ કોલેજ સહિત હોસ્ટેલમાં પણ પાણી પુરુ પાડવામાં આવે છે. ત્યારે આ મેઈન કેબલ સળગી જતા પાણીનો જથ્થો પુરો પાડવામાં તંત્રને અવરોધ ઉભો થયો હતો. જો કે સિવિલના પીઆઈયુના ઈલેક્ટ્રીક વિભાગને જાણ થતા તાત્કાલીક કર્મચારીઓ દોડી ગયા હતા અને આગ કાબુમાં લઈ કેબલનું રીપેરીંગ કામ હાથ ધર્યું હતું. કેબલ રીપેર થઈ જતા કેમ્પસમાં પાણીનો સપ્લાય યથાવત થઈ ગયો હતો. ત્યારે સિવિલ કેમ્પસમાં જાહેરમાં કોઈપણ પ્રકારનો કચરો ના સળગાવવામાં આવે તેની ખાસ તકેદારી રાખવી અનિવાર્ય છે.